ૐ હરિ !!

પ્રેમાધીન પરમાત્મા—અને ભક્ત સખા.

શ્રીકૃષ્ણ—સુદામા

નાટકનાં ગાયનો.

રચનાર

મરહુમ શ્રીયુત

રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

છંપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક

કંપની માટે

માલીક,

ધીરજલાલ અમરતલાલ શાહ.

ઠે૦ ભાગાતળાવ વિકટોરીયા થીએટર-- સુરત.

સુરત, ભાગાતળાવરોડ ઉપર આવેલા

ધી "દાહેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી

કીંમત બે આના.

ખુશ ખબર

જરૂર વાંચો અને ખરીદો.

અસુર કુલોત્પન્ન અડગભક્ત

પ્રલ્હાદ વિજય

ગીઅંકી નાટક.

(ગાયનો ભાષણો અને સ્થળ પાત્રોની સમજણ સહીત)

કીંમત રૂા. ૦-૮-૦

(બહાર ગામના ગ્રાહકોને બે આના વી૦ પી૦ ખરચ વધારે પડશે).

ચેતવણી—શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપનીના માલીકના નામના સ્ટેમ્પ વગરનું પુસ્તક કોઇએ વેચવું વેચાવવું અગર ખરીદવું નહિ, કારણ તેવું પુસ્તક ચોરીથી પ્રાપ્ત કરેલું ગણાય છે.



શ્રી કૃષ્ણ-સુદામા.

નાટકનો ટુંક સાર.

પ્ર. ૧ લો—સુત્રધાર તથા નટી પ્રભુ પ્રાર્થના કરે છે.

પ્ર. ૨ જો—મથુરાપતિ કંસના કોપથી વસુદેવજી તથા દેવકી કાળાગૃહમાં પીડા પામતાં જણાય છે. બાદ દેવકીજીને ઉદરે શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ થવો. દરમ્યાન રક્ષપાળોનું નિંદ્રાવશ થઇ જવું, વસુદેવજીએ કૃષ્ણને ગોકુળમાં નંદજીને ઘેર લઇ જવા.

. ૩ જો—નારદના ઉપદેશથી કંસે દેવકીજીના આઠમા ગર્ભને ઉચ્છેદવાને દ્રઢ થવું.

પ્ર. ૪ થો—વસુદેવનું કૃષ્ણને ગોકુળમાં મુકી તેને બદલે કન્યાને લઇ ખુશ થતા આવવું.

પ્ર. ૫ મો—કાળાગૃહમાં વસુદેવનું કન્યાને લઇ આવવું, દ્વારનાં તાળાનું બંધ થવું, રક્ષપાળોએ જાગ્રત થવું, કંસને ખબર આપવી જેથી કંસે આવી દેવકીજી પાસે જબરાઇથી કન્યાને લઇ લેવી, ને શીલા સાથે પછાડવી. કન્યાનું વિજળી થઇ આકાશે ઉડી જવું ને કૃષ્ણ ગોકુળમાં ઉછરે છે તે વીશે કંસને સચેત કરવો.

પ્ર. ૬ ઠો—કૃષ્ણજીનું ગોપીઓના ઘરમાંથી માખણ ખાતા ભાગવું, ગોપીઓનું પાછળ દોડવું, કૃષ્ણજીનું પકડાઇ જવું ને એક ગોપીનું યસોદાજીને બોલાવવા દોડવું.

પ્ર. ૭ મો—લલિતા ગોપીના ઘરમાં સર્વ ગોપીઓએ મળીને કૃષ્ણને બાંધવા બાદ કૃષ્ણનું યુકિતથી છુટી જવું. દરમ્યાન સર્વ ગોપીઓએ યસોદાજીને તેડીને આવવું, ત્યાં કૃષ્ણ નહિ દેખાવાથી સર્વેનું ફીકા પડવું.

પ્ર. ૮ મો—યમુના કીનારે કૃષ્ણ તથા ગોપી વચ્ચે ગમત. બાદ ત્યાં સર્વે ગોપીઓએ કાત્યાયિની વ્રત પુર્ણ થવાથી. યમુના કીનારે આવવું. ને વસ્ત્ર રહીત થઇ નદીમાં. સ્નાન કરવા પડવું, દરમ્યાન કૃષ્ણે સર્વેનાં ચીર હરણ. કરવાં બાદ સર્વ ગોપીઓના કરગરવાથી પાછાં આપી. ગેઠી હડે રમવા જવું.

પ્ર. ૯ મો—નંદ યસોદા વચ્ચે કૃષ્ણના પરાક્રમ વિશે વાત. ચીત દરમ્યાન કૃષ્ણ યમનાજીમાં દડો લેવા પડયા તે. વિશે ખબર થવી, નંદ યશોદાનું કૃષ્ણને શોધવા દોડવું.

પ્ર. ૧૦ મો—કૃષ્ણ ભગવાને શેષનાગને નાથવો, નંદ યશોદા તથા ગોપ લોકોનું ત્યાં આવવું, કૃષ્ણજીનું પરાક્રમ જોઇ ખુશ થવું, ને ઇશ્વર માની પગે લાગવું.

પ્ર. ૧૧ મો—કૃષ્ણ તથા ગોપ વચ્ચે વાતચીત.

પ્ર. ૧૨ મો—વૃંદ્રાવનમાં કૃષ્ણજીએ મહીઆરીઓ પાસે દાણ લેવા અને રાધા સાથે શૃંગાર.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—મથુરાની ભાગોળે કૃષ્ણે ધોબીને મારવો, માળી તથા કુબજાને વરદાન આપવું ને કંસના હાથીને મારી તેના ધનુષ્યનો ભંગ કરવો.

પ્ર૦ ૨ જો—કૃષ્ણએ કંસને મારવો, વાસુદેવ, દેવકીજીને છોડાવવાં, અને ઉગ્રસેનને રાજય આપવું.

પ્ર૦ ૩ જો—સાંદિપની રૂષિના આશ્રમમાં બળદેવ, કૃષ્ણ, સુદામાએ વિદ્યા અભ્યાસ કરવો ને ગુરૂ પત્નિની આજ્ઞાથી કાષ્ટ કારણ જંગલમાં જવું.

પ્ર૦ ૪ થો—ઘોર અરણ્યમાં કૃષ્ણ બળદેવ તથા સુદામાએ કાષ્ટ કાપવાં વરસાદનું પડવું. દરમ્યાન સુદામાએ ચણા ખાઈ જવા, કૃષ્ણે દારિદ્ર થવાનો શ્રાપ દેવો.

પ્ર૦ ૫ મો—કૃષ્ણ ભગવાન છે. એમ સાંદિપનના કહેવાથી રૂષિ પત્નિએ જાણવું ને પોતે પસ્તાવો કરવો. દરમ્યાન કૃષ્ણ-બળદેવ-તથા-સુદામાનું કાષ્ટ લઇ આવવું. રૂષિ પત્નિએ પોતાની ભુલ વિષે કૃષ્ણ પાસે ક્ષમા માંગવી. બાદ કૃષ્ણ-સુદામાએ ક્ષિપ્રા નદીએ સ્નાન કરવા જવું.

પ્ર૦ ૬ ઠો—સુદામાએ કૃષ્ણ પાસે લીલા જોવા માંગણી કરવી.

પ્ર૦ ૭ મો—કૃષ્ણજીએ સુદામાને અકળ લીલા બતાવવી

પ્ર૦ ૮ મો—કૃષ્ણએ પોતાના ગુરૂનો મરણ પામેલો પુત્ર યમપુરીમાંથી લાવી આપવો. ને કૃષ્ણ સુદામાએ ગુરૂ પાસે રજા લઈ પોત પોતાને ઘેર જવું.

અંક ત્રીજો.

પ્ર૦ ૧ લો—દારિદ્રતા આવવાથી સુદામાની સ્ત્રી સુલક્ષણાએ નેસીદાસ વણીકને ઘેર ભિક્ષા માંગવા આવવું. નેસીદાસે તેને તિરસ્કાર કરી કહાડી મુકવી.

પ્ર૦ ૨ જો—સુલક્ષણાનું નગરમાં ભિક્ષા માંગવા નીકળવું ધુર્તદાસ અને મતદાસે તેને સતાવવી, સુલક્ષણાએ પોતાની ગરીબી વિષે પસ્તાવો કરવો.

પ્ર૦ ૩ જો—દારિદ્ર દુખમાં ડુબી ગએલા સુદામાના દશ બાળકોનો ક્ષુધા દુઃખનો પોકાર, સુલક્ષણાએ ધીરજ આપવી. બાદ સુદામાનું આવવું. તેને પોતાના દુઃખની વિનંતી કરવી. સુદામાએ મુઝાવું, ને તાંદુળ લઇ

દ્વારિકા જવું.

પ્ર૦ ૪ થો—સુદામાનાં પુત્રો ભોળેશ્વર તથા ગોળેશ્વરનું નેસીદાસને ત્યાં ભીક્ષા માંગવા આવવું, નેસીદાસે તેમણે હાંકી કહાડવા.

પ્ર૦ ૫ મો—દ્વારિકાની ભાગોળે સુદામાનું આવવું પુરની રચના જોઇ ખુશ થવું, છોકરાઓએ સુદામાને ખીજવવું. નગરની સ્ત્રીઓએ મશ્કરી કરવી, મુનીએ મુંગે મોંઢે નીચું જોઇ ચાલ્યા જવું, દરમ્યાન કૃષ્ણની દાસીનું આવવું ને સુદામાને કૃષ્ણ ભુવને તેડી જવા.

પ્ર૦ ૬ ઠો—ગોપીઓએ કૃષ્ણને હીંડોળે ઝુલાવવા. દરમ્યાન દાસીનું આવવું ને સુદામા આવ્યા છે તે કૃષ્ણને જાહેર કરવું. કૃષ્ણજીએ દોડતા સુદામાજીને તેડવા જવું. ને પોતાના મેહેલમાં તેડી લાવવા. ગોપીઓએ સુદામાની ટોળ કરવી. કૃષ્ણજીએ યુક્તિથી તાન્દુળની પોટલી ખેંચી લેવી. ને માંહેથી એક ગ્રાસ મુખમાં મુકતાં સુદામાને પોતાની બરાબર સમૃદ્ધિવાન કરવા આશિર્વાદ દેવો ને છેવટે સુદામાએ રજા માંગી ઠાલી હાથે પોતાને ઘેર જવું.

પ્ર૦ ૭ મો—સુદામાપુરીમાં પોતાનું મકાન નહિં જડવાવાથી સુદામાનું ગભરાવું.

પ્ર૦ ૮ મો—સુદામાનાં સ્ત્રી. પુત્રોનું વૈભવ સુખમાં ઝુલવું, દરમ્યાન સુદામાએ ત્યાં આવીને પોતાની પર્ણકુટીકા ક્યાં ગઇ તે વિષે વિચાર જાળમાં ગુંચાવું. સુલક્ષણાએ દાસીઓ સહીત સુદામાની પુજા કરવા આવવું. સુદામાએ નાસવું છેવટે કૃષ્ણ કૃપાથી સર્વે સુખ થયું છે. એમ સમજી પોતાની પત્નિ સાથે મેહેલમાં જવું ને સર્વએ પરમ કૃપાળુ પ્રભુના ગુણ ગાવા.

મુખ્ય પાત્રોના નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર........................નાટ્યર ભે મંગળસ્તવનકાર.
વસુદેવ ....કૃષ્ણના પીતા.
કૃષ્ણ..........અસુરપતી ભગવાન. વસુદેવ દેવકીના પુત્ર.
કંસ............................ મથુરાપતી. ઉગ્રસેનનો પુત્ર.
નારદજી ....બ્રહ્માના પુત્ર
નંદજી......................યશોદાપતિ અને કૃષ્ણના પાળક પિતા.
દેખાળીઓ............................ ....લલિતાનો પુત્ર.
ઉગ્રસેન...કંસના પિતા.
અક્રુરજી.......................................શ્રી કૃષ્ણજીના કાકા.
બળદેવજી.,......................... ....શ્રી કૃષ્ણના ભાઇ.
સાંદિપન..........................શ્રી કૃષ્ણ બળદેવના વિદ્યા ગુરૂ
સુદામા.. શ્રી કૃષ્ણના મિત્ર
નેસીદાસ...કંજુસ વાણીઓ.
સોમેશ્વર, ભીમેશ્વર, બુધેશ્વર, વિશ્વેશ્વર, ભોળેશ્વર, મોળેશ્વર, જોગેશ્વર, ભોગેશ્વર, રામેશ્વર, કામેશ્વર. } સુદામાના પુત્રો.

સ્ત્રી વર્ગ

નટી.. સુત્રધારની સ્ત્રી.
દેવકી.......................વસુદેવની સ્ત્રી ને કૃષ્ણની માતા.
યશોદા.................................કૃષ્ણનાં પાલક માતા.
સુલક્ષણા............ ....સુદામાની સ્ત્રી.
નવી વહુ...નેસીદાસની સ્ત્રી.

અવશેષ વર્ગ–ગોપ, ગોપીયો, છોકરાઓ, યાદવો, પુરજનો પ્રતિહાર, દઇત્યો, સીપાઇઓ, દાસ દાસીઓ. વિગેરે.

॥ ૐ હરિ ॥

શ્રી કૃષ્ણ—સુદામા.

નાટકનાં ગાયનો.

નાન્દિ.

સુત્રધાર— ૧

પરિબ્રહ્મ પુરૂષોત્તમ ધન્ય ધન્ય તવ લીલા વાહ
વાહ વાહરે હરી.
ઇંદુ ભાનું ઝળકતી જોત સૃષ્ટિના એ શણગાર
સિંધુ મેઘ વાયુ વૃક્ષ રંગ ઢંગ ન્યારા ન્યારા વાહ—વાહ૦
ગહનગતિ ત્હારી, ન કળાય મોરલી ધારી,
ધ્યાનથી વિચારી જાય જોગેશ્વર હારી.
બિંદુમાંથી પ્રગટે પ્રાણી, માને દુખ સુખ લ્હાણી,
વિંટાઇ માયા જાળમાંરે, જાણે નવ તુજ મ ળમાં રે.
ચક્રધારી તુંને વારી, પ્રણામ થકી હું પાયે લાગુ વાહ—વાહ૦

નટી— ૨

જળ સ્થળમાં શ્યામ તારાં અકળ કામ,
ખુબી અદભુત અટપટ ઠામ ઠામ—જળ૦
દધી છત્રકાએ સમાઇ જાયે,
વાયુ વપુ સાથે અથડાયે,
પણ ન દેખાયે ધ ય ધન્ય રામ—જળ૦
આકાશમાં ગણુ અંત્રીક્ષ હાલે,
સૂર્ય ચંદ્ર પણ નિયમીત ચાલે,
નિશદીન થાય વળી દીન જામ—જળ૦

દેવકી—વાસુદેવ— ૩

અહો પ્રભુ આવું કષ્ટ ક્યાંરે સુધી સહીશું,
અરર અરર થાય કાય હાંય બંધન ક્યાં તક રહીશું,
કાળા ગ્રહમાં કેદ પડયા નિશ્ચે અહીં મરી જઇશુંરે—અહો.
કૃપા કરો હે દેવ મોરારી બચાવની બતાવો બારી,
રે, દયાળ થા કૃપાળ, તમે નહિ સુણુતો અમ પીડા કોને કહીશુંરે
થઈ અનીતિ કંશે અમ ખટ તન માર્યાં,
ગળચેસ તમો ને આઠમો પણ દઇશુંરે—અહો૦

દેવકી— ૪

જાઓ મમ વ્હાલા સલુણા શામળા સુંદીર,
ગોકુળ ગામમાં પધારો માગ પ્યારા વીર—જાઓ૦
સુકોમળ દેહ આ તારીનાં જતન કેમ થાશે,
આવો મમ્મ બાળ એમ કહી હાલેરા કોણ ગાશે,
ભુખ્યો રોશે તો શુણી શબ્દ દોડી કોણ ધાશે,
હૈયા સરસો દબાવી દુધ મીઠાં કોણ પાસે—જાઓ૦

વસુદેવ— ૫

બદલીને લાવ્યો કન્યાને આઠાર,
ક્હાન મારો ઝુલે છે નંદજીને દ્વાર,
જોઈ પાણી હું કંપ્યો અથાગ,
કેવો યુમાનાજીએ દીધો માગ—બદલીને૦
તુટયાં તાળાં જેલનાંને પ્રગટયું પ્રભુનું જોર,
રક્ષપાળ ધરણી ઢળ્યા, પડી નીંદમાં ઘોર,
ધન્ય માયા નાથ તમારી સમજે શુ અજ્ઞાનરે,
અંતર છોડી ને ઉપદેશ શઢ વીણ,
ક્યાંથી જાએ ભવ પાર—ક્હાન૦

ગોપીઓ—કૃષ્ણ— ૬

અરે ઉભો રહે તું ક્યાં નાસે છે મહી માખણના ચોર;
આજ હાથ આવ્યો છે તારો ઉતારશું સૌ તોર,
માખણ પહેલું ખાઇ જવા દો પછી જણાવો જોર.

ખાઇ જઈ મુ'હો છુપાવે વાહરે પકડો ચોર,
બાંધો એને રવાઇ સાથે, લાવ અલી જઈ દોર.
આ વખતે જો છુટી જાઉં તો ફરી નહિ અહીં આવું
ચુપ ઠગારા કહાન રોજ કરે તાન ગોરસ જાન બહુ કરે,
તોફાની ઘર ઘર નિત્ય ફરે તું હરામખોર—અરે૦

કૃષ્ણ—ગોપીઓ— ૭

ભાગ તું ભાગ અલી બાઈ ભાગ,
આજ પકડાયો છે એ નાગ—ભાગ૦
કપટ થકી રોજ સટકી જતો તો,
આજ મળ્યો છે લાગ —ભાગ૦
ઝડપથી જઈ જસોદાને કહેજે,
રાહમાં રજ નવ ઉભી રહે,
તેડી લાવ ત્વરાથી કે ખેલાય ફાગ—તું૦
જવા દો આ વાર નહિ આવું ફરીને,
ચુપ જાય છે ઠગ રોજ છેતરીને;
નાના હવે થાવું નહીંહગં લબાજ—તું૦

કૃષ્ણ—દેખાળીઓ— ૮

જાઉં છું મેહેરબાન
ભલે પધારો બાઈ છે લામ લ મ—જાઉં છું.
પલણુશો કે નહિ મુજને નાર,
સ્વપ્નામાં હા હા મંડાશો ઘરબાર—જાઉ છું.
લગન થતાં વાલ કેટલી હશે,
હમણાં હું જઇશ કે તૈયારી થશે—જાઉં છું.

ગોપીઓ—જસોદા— ૯

જુઓ જસોદા માય, તારો કનૈયો માખણ ખાય,
નિત્ય ઉઠીને ઘરમાં ભરાય,ઝાલવા જઇએ,તો ઝટ ભ.ગીજાય-જુઓ.
પોતે પીએ ને મહી મરકટને પાય, એવો જુલમ તે કેમ વેઠાય-જુ
નજરે જુવો એને બાંધ્યો છે આંઘા, કોનો બાળક છે આ જુવો જરાય
તન કોનો દેખ ય, આંખો ઉઘાડો કે ખાત્રી થાય-જુઓ૦

ઢેખાળીઆ-લલીતા—.૧૦

માલી માલી મોલો હમ કાલ્યો,
બાંધી મુઠી નહિ પઇનાવ્યો;
લુચ્ચો કાનુડો અહીં આવ્યો
માખન ખાવા મને ફોંસલાવ્યો
મેરે મેર રોયા,
મુવા હમે મોયા.
ટળ હવે વેગળો,
છોલ તાલો નખલો--માલી૦

ગોપીઓ— ૧૧

હાંરે !! જળ જમુના ન્હાવા જઇએ.
વ્રત કિજ્યી કૃતારથ થઇએ--હાંરે૦
કાત્યાયની વ્રત પૂર્ણ થયું છે ફળ તેનું શુભ લઇએ,
ઉત્સવનો દીન પ્રગટ્યો આજે, પ્રેમ મગનમન રહીએ-હાંરે.
સરખી સાહેલી કરો રંગ રેલી આનંદ પ્રગટાવી હૈયે,
ભક્તિરસ અમૃત ખુબ પીને પ્રભુ ચરણ ચિત્ત દઇએ-હાંરે.

રાધા— ૧૨

મીઠી મીઠી મધુરી વેણુ વાગે, સુણી નીંદડામાં ચટપટી જાગે.
મધ્ય રાત્રે વેરણ થઇ બોલે, મારા તનડાના તાર સૌ ડોલે,
જરા વાગે મીઠું તાન કે હું થાઉં છું બેભાન,
જોવા બજાવતા કહાન મારો તરફડે છે જાન-મીઠી૦
ટહુ ટહુ ટેકા નાખતી કરતી બહુ ગુંજાર,
પવન તીરથી પાડતી કાળજડામાં સાહાર,
આગ વીરહની અંગ સળગાવે વૈદ કીસન વિના કોણ બુઝાવે,
એના વિનાજ નહિ ફાવે મળે મનના મોહન, તો તો થાયે
આનંદ—મીઠી૦

ગોપીઓ-કૃષ્ણ— ૧૩

આપો આપો હમારા ચીર કહાન,
પરનારીથી નહિ કરો આ તાન;

રાખો રાખો રંગીલા છેલા સાન,
નહિ તો ખોશો તમારૂં આ માંન-આપો૦
ખાઈ ઘર ઘરના માખણ મસ્તાના બન્યા,
તમે ગાયના ગોવાળીઆ દીવાના બન્યા;
હમે છયે પરનારી બંસી ધારી,
લાજ લુટો લાખની મોહન મારી,
કાંક રાખો ભાન તજો ત્રીકમ તોફાન—આપો૦
કાજ લાજનું હોય તે, ઉતારે નહિ ચીર;
દેવગણ સર્વ દેખતાં, ખોલે કેમ શરીર;
તમે ધર્મ તમારો કીધો ભંગ,
થાય નારીથી નહિ ઉઘાડાં અંગ-આપો૦
ક્ષમા માંગીએ કૃષ્ણજી એકવાર તકસીર,
સ્નાન કદી કરીયે નહિ ઉતારીને ચીર,
યાદ રાખશું આ ઉપદેશ નિત્ય ધરી ધ્યાન-પરનારી.

સર્વે-ગોપ— ૧૪

હાલોભાઇ જમના તીરેરે હાલો-ટેક.
ગેડી દડાની ગમત રમત કરશું કોડે ત્યાંય.—ચાલો૦
લહેર પવનની લેતા જાશું, કરશું રંગને જંગ;
સોબતી સર્વ સાથ મળીને, આણંદ માણશું અંગ-ચાલો.
દાવ અર્પીશું એક બીજાને, બીરૂ પક્ષ બંધાઈ;
ખાઇશું પીશું ખેલશું ખંતે, પ્રેમના ઘુંટડા પાઇ-ચાલો.

નાગકન્યા-કૃષ્ણ— ૧૫

સ્વીકારો શુંદરશ્યામ વિનંતી હમારી હમો અગાળ ની દાદ દીલ લીજે
દેવા દયાળ અમ સ્વામિની ભુલભાર આટલી વખત મ ફ કીજે;
હમો અજાણ આપ ત્રિકાળ જ્ઞાન સાન ચુકયા હમારા સ્વામી,
જગના જીવન થાવો રંકને પ્રસન્ન ધ્રદ વિચારી અંતર્યામી;
શાન્ત થાવ નારી (૨) કૃપા થઇ છે મા'રી, ન કલેશ ળ્હીજે-સ્વી૦
ગર્વ ચઢયો તમ નાથને થયો મદમાં મસ્ત;
જેથી દંભ ઉતારવા. દીધી છે નસીયત—સ્વીકારો૦

ગોપ— ૧૬

હાલો વૃંદાવનને વાટે,
દાણ લેવા છે શીરને સાટેરે— હાલો૦
મારગડો મથુરા જાવાનો,
શેરી હુઠી શું મળી માટેરે— હાલો૦
ગુમાની ગોરીના માન ઉતારી,
દાણ લેવાં છે સપાટેરે— હાલો૦
માખણ ખાશું ને મોજ કરીશું,
કાનુડા સંગ ભલી ભાતરે— હાલો૦
ગમત ઉડાવશું ને ગાયો ચરાવશું,
જઈને યમુના ઘાટેરે— હાલો૦

ગોપીઓ—કૃષ્ણ— ૧૭

માથે મટુકી ભરી મહીડાંની ગોળી,
જઈએ મથુરાં મળી સહીયરની ટોળી;
હાંરે મહી વેચવાને આવી મહીયારી,
ગોરસ બહુ મીઠાં લાગીજો— ટેક.
આવો મહીયારી છબીલી રૂપાળી,
ઠગી જાવોછો તમે રોજ ઠગારી;
હાંરે દાણ આપો હમારાં વ્રીજનારી,
ધુતારી હાથ આજે આવી છો.
કોનો છોરૂ છો અલ્યા કેણે ફુગાવીયો;
દાણી થઇને અહીં કયાંથી તું આવિયો;
હાંરે જાત દીસે આહીર જેવી ત્હારી— ગોરસ૦
નંદનો કુંવર નામ કહાનજી છે માહારૂં,
વિવાહ વિચાર છે કે પુછો છો વારૂં;
હાંરે નથી માહારા લાયક તમે નારી— ધુતારી૦
જાણી છે તમ જાતડી, ને જાણ્યું છે તમ નામ,
છાસ કટોરા કારણે, અલ્યા કરતો તું સૌને પ્રણામરે.
મોહનમતવાળા.

ચોરી ખાતો માખણ ધામે ધામરે, નંદતણા લાલા,
હર્યા વસ્ત્ર તે વાત ભુલી ગઇરે મ્હાવરી મ્રીજનારી,
પાછી આજે મદમાતી થઇરે છાકે છકેલ નારી,
ગાયો ચારી કાલિંદ્રીને તીરરે મોહન મતવાલા,
પાડી દીધું આ શામ શરીરરે નંદતણા લાલા.
સાથ સંપી આવી છે આજરે મ્હાવરી મ્રીજનારી,
પણ રહેવી નથી તમ લાજરે છાકે છકેલ નારી,
રહો છેટા જસોદાના છૈયારે મોહન મતવાલા,
દાણ સાટે દઇશું તને દઇયારે નંદતણા લાલા,
દાણ જેણે નથી અમ દીધાંરે મ્હાવરી મ્રીજનારી,
તેના વસ્ત્રાભુષણ હમે લીધાંરે છાકે છકેલ નારી,
સતાવશો જો બહુ તમે તો કથશું કંસને વાણ,
કહાડીશ વંશ તમ કંસને,
એના મંદીરના પાડીશ પાશાણરે મ્હાવરી મ્રીજનારી,
મેહેલ વચ્ચે મંડાવીશ કોણરે છાકે છકેલ નારી,
જઇ કહેજો કે હવે સંભાળરે મ્હાવરી મ્રીજનારી,
તારો પ્રગટયો છે ગોકુળમાં કાળરે છાકે છકેલ નારી,

કૃષ્ણ— " ૧૮

અહો પેલી આવે રાધે પ્યારીરે પ્યારી અતિ પ્યારી,
એ મન મોહિની છે મન હરનારી
ભકિતમાં ભાન ભુલી રટનમાં રહી છે ડુલી,
પ્રેમને બાણે વીંધનારીરે નારીરે નારીરે એ નારી—એ મન૦
કહુ ના કહાના કરતાં એના અધર સુકાયરે,
વૃતિ ચોરી છે એણે મારીરે મારીરે હામારી—એ મન૦
ચટક મટક ચાલે કાળજામાં શું સર સાલે,
ભાવેભ્રખુભાનની દુલારીરે ઠગારીરે ધુતારીરે મહીયારી—એ મન

રાધા-કૃષ્ણ— ૧૯

જીરે સરબત સરીખાં મહી મીઠડાં લીએ,
દ્રાક્ષ કેસર કસ્તુરીનાં ગોરસ પીએ.—જીરે.

મોઢાં વીચોર સ્વાદીષ્ટડાં લીઆ—જીરે.
ગોરસ ગવરી ગાયનાં, અમારીયાં છે દુધ,
અમ્રત સરીખાં મીઠડાં, બનાવ્યાં છે શુદ્ધ,
લ્હેજતદો લાલ લેશે લ્હેરી નંગીલા,
જાણું ન સ્વાદ એનો જેહ લોભીઆ-જીરે૦
આવો શોખીન સુંદરી, ઉતારો મહી માટ;
ગ્રાહક છું તમ ગોરડી, દીયો દાણને સાટ,
જાઓ જાઓ છેટા રહો કહાન મોરલીવાળારે;
રોજ ઉઠી કરો નહિં તાન સમજી ચાળારે.
તમે શેના માંગો છો દાણ કહાનજી કાળારે,
શીદ મારો છો મોહના બાણુ લાલ લટકાળારે.
વાણીની વેણુ કરી વગાડતી મુખ સાજ,
ભ્રકુટી ભુરકી ફેંકતી, વશ કરવાને કાજ;
પણ જ પરવશ પડે મોંઘા મોહનજી,
દાણને સાટેજ એક ગોરસ દીયો-જીરે૦

રાધા-કૃષ્ણ— ૨૦

રે હઠ કરો આમ કહાના, ઓ રસીક નંદલાલ થઇ દાના—હઠ૦
રોકો છો પરનારી, આંખી રહી છું વારી,
છેટા રહો વિચારી ઇજ્જત જાશે તમારી,
વાહવા ધુતારી નારી, વાહવા ઠગારો નારી,
પરમન હરનારી, નીજ વશ કરનારી,
પણ છું કહાનડો દાણી પાઇશ પાંહડે પાણી—શું કરો૦

સર્વે-ગોપ— ૨૧

પિયો પિયો ગોરસ બહુ મીઠડાં, થાય કાળજાં ઠંડકથી શીતડાં
બહુ મીઠડાંરે સ્વાદીષ્ડાંરે, હાશ મીઠી છાશ—પીયો૦
કરો ઉજાણી મહી માખણ ખાઇ, ધરો આનંદ ગુણ કહાનાના ગાઇ
ટાણુ ન આવે ફરી આવું ભાઇ, મારો હુબડકાને પીઓ ધરાઇ
હાસ મીઠી છાસ- પીયો૦

અંક. બીજો.

કૃષ્ણ— ૨૨

પ્રિતેથી ધારો તાજ તમે શીરરાજ,
અમર થાઓ આયુષ તમ મહારાજ—
સુરજન સહાય કરો સંગત.
રંગત ઘો નિશદીન તનમાંજ,
જગધર ઇશ્વર ગીરીધર નટવર,
સુખી સદા રાખજો આ આજ.— પ્રિતેથી૦
કીર્તી જય જયકાર તણીને,
વિજય દુંદુભી ગાજો ઘા. જયજય૦
તનમન નિર્મળ સુબુદ્ધિ બળ,
ન્યાય નીતિ કહો તમમાંજ— પ્રિતેથી૦

નિશાળીઆ— ૨૩.

જ્યોતિ ઝગમગ ઝળકી રહી જગમાં,
જળસ્થળ જગધર પ્રગટ પ્રકાશ નગમા;
અજબ કામ ડગ ડઘમાં શ્વાસ ચાસમાં તારા પ્યારા
રંગઢંગ બહુ છે ન્યારા, રવિ શશિ સિંધુના ધારા, નવિન કૃતિ
ખગમાં— જ્યોતિ૦

સુદામા— ૨૪

રામનામ સુખ ધામ છે, મોક્ષામ્રતનું જામ,
દંમ હળાહળ વિષના, સરોવર જેવું કામ.
તુચ્છ જગતમાં પ્રેમ, ભક્તિ સાચુ ધન છે,
ધીક છે હીરા મોતી હાર ધીકછે કનક ભંડાર— તુચ્છ૦
ભાગે સ્વપ્નામાં ભુખ તેવું માયાનું છે સુખ;
કંચન ચોર લઇ જાય ભકિત ભવ નાવ થાય— ભકિત૦
દ્રવ્ય દારૂ આગ રૂપ ભકિત અમૃતનો કુપ,
પૈસા પાપનું છે દ્વાર ભકિત આપે છે ઓદ્ધાર— ભકિત૦

કૃષ્ણ, બલદેવ, સુદામા—૨૫
ભાગ્ય થયું અમારૂં ધન્યરે લાભ ગુરૂ સેવાનો લઇએ.
આજ ઉગ્યા સોનાના દીહારે કાષ્ટ લેવા જંગલમાં જઇશું.
ગુરૂ પત્નિનો હુકમ શિરધારી આનંદ પામ્યા હૈયેરે૦-લાભ૦
હવે કોહ્વાડા સ્કંધે લઈને કાષ્ટ કાપી કૃતાર્થ થઇએરે-લાભ૦
ગુરૂ પાદોદક પીધું ન જેણે તેને અભાગ જન કહીયેરે-લા૦

રૂષાપત્નિ—૨૬
અધમને ઘેર આવીયા અધમ ઓધારણ નાથ,
પણ ભવસાગર ડુબતાં, નવ ઝાલી લીધો હાથ.
માફ કીજે કીસનજી આ મુંઢ નારને,
હાથે વતી ખોયો મેં સારનાજ સારને—માફ૦
નીચમાં હું નીચ ઠરી હાય, હાય, હાય, હાય,
આવિ અંધનેજ આંખ, ત્યારે વળી પડળ ઝાંખ,
મળી પોપટને પાંખ, નવ ઉડયો આકાશ.
આવી આંબાને શાંખ, ત્યારે થયો મધપાક,
હુંરે કેવી અભાગ, (૨) નીચમાં હું ઠરી હાય-માફ૦

સદામા--રૂપરંભા—૨૭
ચાલો ચાલો છબીલી રૂપાળી રંગીલી તે નખરાથી કીધો નરમ,
પ્રેમ ધરશો જયારે સુખ હરશો તેવારે જણાશે હુમારો મરમ.
રસીયા જીયાવર ચાલો ધીરા ધીરા પધારો પ્યારા.
રૂસીયા મુનીવર ભાળો ભવ ડુબ્યા ભુલી ભાન આરા
રંકને મળ્યું રતન, લટકે લોભાવે મન. ચાલો મારા પ્રાણ.
મારે મોહ બાણ, મીઠી આંખોથી મારી અણુસારા-રસીયા૦
કેમ આ ગમે છે પ્યાર, ભાવે છે તો ખરૂં યાર, લાગોછો રસાળ
જપું તારી માળ, મન રટું પ્યારી દારા દારા— રસીયા

વિદ્યાર્થીઓ—૨૮
દેવી ભગવતી ભવ દુઃખ હરણીરે,
બ્રહ્માની બાળનીજ ભકત પાળ,
દાનવ કાળ છો મગટ ઝાળ,

તારી જપીએ માળ રહેમ દ્રષ્ટે બાળ,
શુભ મતિ આપ તું કુપા કરીરે—દેવી૦
બાળક સ્તુતિ સ્વિકારો ભવાની
થાવો પ્રસન્ન કરી મેહેરબાની,
છો તું તો અભરણ ભરણીરે— માતા બ્રહ્મા૦

કૃષ્ણ, સાં૦ પત્નિ— ૨૯

મનવાંચ્છીત મુખે માંગો, પુજ્ય ગુરૂજી મનની ચિંતા
ત્યાગો ત્યાગો ત્યાગો— મન૦
શ્રમ લઇ અમને વિદ્યા દીધી, એ પરમ કૃપા દ્રષ્ટી કીધી
હમો પામ્યા સૌ રિધ્ધી સિદ્ધી— મન૦
ઉપકાર થયો બહુ આપ તણો, બદલો શું દઇશું એહુ તણો,
માટે સેવા દઇ કષ્ટ હણો— મન૦
જો નાથ કૃપા અમપર થઈ છે. અમ સુત સરીતા લઇ ગઈછે
તે લાવી દયો એ મન મહિ છે— મન૦
આપ આજ્ઞા શિષ ચઢાવું છું, બંધુને લેવા જાવું છુ,
ઇશ કૃપા થકી લઇ આવું છું— મન૦

કૃષ્ણ–સુદામા— ૩૦

મિત્ર વિના તુજ સેણુ અતિ દુઃખ ખાણુ નહિં સુખ લહાણુ,
મિત્ર વિના જેમ પ્રાણુ તેમ હું પ્રાણુ ગગન વિણુ ભાણુ
જળ વિણુ કમળ છે જેમ શશિ વિણુ રેન તું વિણુ હું તેમ
પક્ષિ વિના જેમ પાંખ કીકી વિણુ આંખ આમ્ર વિણુ શાખ
કૃષ્ણ વિના હું તેવો છુ દહન કાષ્ટના જેવો દીપ વણુ
મેહેલ હોય એવો
હેરાન અતિ હેરાન વિયોગ દુઃખ ખાણુ — મિત્ર૦
એકવાર દ્વારીકા પાળજો, મમનાથ ફરીથી મળજો,
મુજ મંદીર પાવન કરજો.
પળજો પ્રિય પળજો કરૂ પ્રણામ, પ્રણામ પ્રણામ, પ્રણામ, પ્રણામ

અંક ૩ જો.

નવી વહુ— ૩૧
જુઓ સૌ જનરે પરમારથ કાજ પરબો મંગાવ છે,
કંઇક સદાવ્રત માંડે છે ધર્મી તેમાં આડી જી. કરે કુકર્મી,
તરૂવર પોતે ફળી ફળ દેતા તાપને શીત યુગોયુગ સેહતાં,
નીર સરિતામાં નીત્યે વેહતાં, પરને પાઇ નીજ સંતોષ લેતા.
કરડે ફટકે ફટછેરે જેહ પરમારથમાં સમજે નહિ સઠતે-જુવો

નશીદાશ-નવી- ૩૨
નથી આપવું મારે તેનું શું છે તારે,
આ શું વારે વારે ઢંગ શારે શારે. નથી.
બહુ થાવો ન કૃપણ, નવ આપું એક કણ,
આ છે ખોટું તમપણ, જાજા કરન ગણુગણુ-નથી.

સુલક્ષણા— ૩૩
દીનની દયા જ કોઇ લાવો દશા નિહાળી,
ભિક્ષા હું રંકને કોઇ આપોરે પુણ્યશાળી— દીન૦
વસ્ત્રાભુષણો નથાં જોઇતાં મ રેરે,
ચપટી અનાજની છે વિનંતી મા'રી મા'રી— દીન૦
ઉત્તમ ખેતી ખલકમાં ઉદ્યમ મધ્યમ ઠીક,
નફટ સહુથી નોકરી, નીદાન ભુંડી ભીખ,
અજબ કૃતિ કીસમત તણી, પળ પળમાં પલટાય,
ભીખ મંગવે ભુપને, કરે રંકના રાય- દીન૦

સુલક્ષણા— ૩૪
ગરીબી તું છે કાગડી કાળી.
લાખ ટકાના જનને જગમાં, કોડીનું કવાવાળી-ગરીબી૦
ચતુર તે મુરખ બને, જો હોય અદ્રવ્યવાન;
સાચા હીરાને કરે કટકા કાચ સમાન.
ચિંતાની અગ્નિ ભલી, કે મૃત્યુક જન પ્રજળાય
તું છે જગની ડાકિની, જીવત જનને ખાય-ગરીબી૦

સુલક્ષણા— ૩૫
નિરધનનું જીવવું ધુળ છે દરિદ્ર દુખનું મુળ છે. ટેક૦
જેમ તરૂ ફુલવિણુ તેમ જન ધન હિણુ સંસારને શુળછે.-નિ૦
ચિત ચાહે રાજને, કીસમત કરે દુરતા જને;

સવળા "સાસા કર ધરે, પણ નશી અતે અવળાં કર
બસ રતિ કૃતિ અનુકુળ છે.— નિ૦
…ાન જાચે માળવે કીસમત કોઠીમાં ધાય છે.
જ્યાં …ય સેવા જાય ક્યાં મહીષીનું મૃત્યુ થાય છે,
બસ …ંતિ અનુકુળ છે.— નિ૦

સુલક્ષણા— ૩૬

દુઃખ હરિયે ડુખ્યારે છોરૂં આપણાં
ટળવળતા ભુખ્યારે મરશે બાપડા. દુઃખ૦
જળ વિણુ જળચર જેમ સહુ તરફડતારે,
ફડફડતા તેમ એ અન વિણુ રાંકડા. દુઃખ૦
આપે ધાર્યો જોગ ભોગ હમારારે;
સેહેવાસે કેમરે દુઃખના ગાંસડા. દુઃખ૦
ત્યાગીને પરિવાર કઇ પેર સાજેરે,
નવ છુટે વળગેલા જગ આંકડા. દુઃખ૦

સુલક્ષણા— ૩૭

રહેજે કલ્પ વૃક્ષની તળે, દારિદ્ર હવથી ને કેમ રળે,
સરોવર મહી કમળ ઘર કરે, પ્યાંસ કેમ પ્રાણુજ તેના હરે—ટેક
સાધના હુંતાશનની જે કરે, હાડ તેનાં કેમ ટાઢે ઠરે. રહેજે૦
પાન જેહ અમૃતનું કરતા, રહે કેમ યમથી તે ડરતા;
અક્ષય પાત્ર ગ્રહી જે ફરતા, ક્ષુધા દુઃખ તે કેમ મરતા;
કૃષ્ણ સરીખા મિત્ર જેને, પછી કમીના શી તેને,
શિર ગંગા જેને ઢળે. દરિદ્ર૦

સુદામા— ૩૮

પુર્વદત્તથી પામતા સૌ પ્રાણી સુખ દુઃખ
બાંધે પાળો પાપની તો ભાંગે ક્યાંથી ભુખ;
વાવે વિષ બીજ તો આમ્રફળ ક્યાંથી ફળે,
કરે મહા પાપ તો ચોર્યાશી ફેરા કેમ ટળે
ધન વિઘને જાંનતી વળી સુલક્ષણી નાર,
પુર્વદત્ત શુભ હોય તો પામે વસ્તુ ચાર.
હળાહળ પીને પછી આશ જીવવાની કરે,
પડે દીપ દઇ કુવામાં મોત કેમ તેનાથી ડરે વાવે૦
વ્રત અપવાસો નવ કરે ચુકે હરીકીર્તન,
દરિદ્ર તેને વાંપડે ખાવા ન મળે અન્ન.

ભાંગી તરૂ
ભોગવીએ

છોકરા—સુદામા—

જેવું વાટજ આપન
આંતરડી ઠરે અમતણુ
રોતાં મુખ કરો નહિ ભેટ.
પરબ્રહ્મ નારાયણ તે તમારા પ્રભુ
જવું તજી સંગાથ, ભલે પધારો નાથ
લઈ રીખને તાત હમારૂ અન્ન ભેળા

છોકરાઓ—નેસીદાસ— ૪૦

જીવ જાયછેરે જીવ જાય છે, પુન્ય કરતાં કાકાના પ્રાણ જાયછે;
જન્મીને જઇ નહિં ખરચે એ ખાપરો,
માંગે જો કોઈ મારવા ધાય છે—પુન્ય૦
આવ્યો જમાનો આ ઉલટો જગતનો,
અમીર ફકીરનું ખુચી ખાય છે—પુન્ય૦
જાઓ જાઓ રાંડના મરો અહીંઆથી,
કેમ તમને સનેપાત થાય છે—પુન્ય૦

સુદામા— ૪૧

શી અજબ હરીની લીલા,
ધન્ય દ્વારીકા રચના ત્હારી ધન ધન કૃષ્ણ કોડીલા—શી૦
કનકકોટ મુકત ફળ તોરણ હીરે દ્વાર ત્રડેલા—શી૦
મંદીર સ્થંભો મણીમય જડીયા મરી હેમના ખીલા—શી૦
બાગ બગિચા મુકતા વૃક્ષો તરૂવર સુંદીર પીળા—શી૦
જોતાં જન્મ મરણ દુઃખ જાએ વાહરે રામ રંગીલા—શી૦

સુદામા— ૪૨

અરે ધિક પ્રભુ વિના કાય મારી જાણું જીંદગી હું સરવે અકારી.
--અરે૦

ચકોરચંદ્ર વિન નવ જીવે વૃક્ષ જેમ વણવારી
વિજ શશિને રવિપ્રગટે પણ એ દીપ વિના અંધારી—અરે.
અમ્રત રસોઇ સ્વાદે લાગે છે કૃષ્ણ વિના ખારાખારી—અરે.
લોહને ચુંબક જેવી એનાથી મ્હારે છે મિત્રાચારી—અરે.

છોકરા— ૪૩

જુવોજુવો નગરમાં હાઉ આવ્યો ભલેભલે સઉને મન ભાવ્યો-જુ
શશિધરાનો પ્રગટી આજે ગગ શશિને શરમાવ્યો—જુવો૦

...ચો—જુo

...ચો—જુવોo

ડ માનીશ માતા મ્હારી—બo
...શા થાશે મા'રી
...ટનીજ અટારી—બતાવo
...ટમાય લાગુ ત્હારે પાય તેડી જા ... ત્યાંય
... મોરલીધારી, ચાલો રૂષિરાજ ર'ગે મારી—બo

... — ૪૫

ઝુલો ઝુલો મોહન મોરલી ધારી.
ર'ગભીના રસીકવર ગીરધારી—ઝુલોo
ઝુલો ન'દના કીશોર મહી માખણનાં ચોર,
ગોપીઓના વ્હાલા ધરી મહેર પવન લ્હેર,
હર્ષભેર, સારી પેર લીયો લીયો કૃષ્ણચ'દ,
મીઠી પુષ્પની સુગ'ધ, મોગરા ગુલાબઆન'દકારી—ઝુo

કૃષ્ણ— ૪૬

મિત્ર આવી મમ ભુવન કીધો મુજને પાવન—ટેકo
આજ કર્યો આભારી ભારી હું કી'કર ભારી લીધો સ'ભારી,
દયા મેઘ વરસાવી વારિ ઠાર્યું મારૂં તન—કીધો.
નિર્ધનીયાને ધન મળ્યું ને કેશરમાં ભળીયું ચ'દન,
અમૃતપાન મળ્યું પ્યાસીને અ'ધને લોચન. કીધોo
વ'ઝાને તન સાંપડે જેમ ભુખ્યાને ભોજન મળે,
સુકા તરૂ નીર પામતા અ'તર તેમ મારૂં ઠરે— કીધોo

સુદામા—કૃષ્ણ ૪૭

જાઉં છું મારા નાથજી ભલે વ્હેલા આવજો, આજ્ઞા છે કાંઇ મુજને,
ના સુખે જાઓજો, કહેવું છે કાંઇ દાસને સ'દેશો કહાવજો,
જુઓ આ ઠગની ઠગાઇ,
એક પાઇ કર માંહી નવ દીધી મુજને— જાઉં છુંo

સુદામા— ૪૮

સુખે સોનાર સાંભરે ને દુઃખે રટાયે સીતારામ;
ભલું થયું કે ભુદરજીએ દીધા નહી કાંઇ મુજને દામ.

દંભ
વૈભવમાં વિ.
નિર્ધનતા
અંતરપટ ખુલે જેને
માયીક પ્રાણી મોહ ફંદ
ચાર ઘડીના જીવન સારૂં
ભક્તિ ધન છે અમુલ્ય સહુથી
દાસ સુદામો કરે વિનંતી કૃપા દ્રષ્ટ

સુલક્ષણા — ૪૯

આવો રસીયાજી રાજ રમો રંગે મહાર
 લેશ ધરશો ન લાજ ઇશ કૃપ થઈ.
 ભાગ માગ ભાપ અરે ઉભા રહો આપ
હાય વલગ્યું આપ ગભરાવો નહીં. આ૦
ન શરમાવો, કાં ભરમાઓ, આવો આવો જાઓ જાઓ.
 છે તમારૂં ધામ સારૂં હે શું મારૂં હા તમારૂં
ત્યારે શું આપણું દુઃખ ગયું હા ગયું ગયું ને સુખ થયું
 હે શું [illegible]ચું, હાજી સચ્યું— આવો રસિયા૦

સર્વે પાત્રો— ૫૦

ધન્ય ધન્ય કળ તવ કીશોર નંદનાંજ.
ખુબી અતિ ન્યારી, મોહોટા યોગ ધરી,
ન શકેજ વિચારી, છે અદભુત ભારી. ટેક૦
તરણા ઓથેજ મેરૂ, પણ ત્યાં દીસે અંધેરૂ, ધરે ધ્યાન ગ્યાન કેરૂં
તો પ્રકાશે તેજ ખરૂં—ધન્ય૦
રંક થાય રાયરૂપ, ભીખારી બનેજ ભુપ,
શેઠ કરે વેઠ દૂત, એવી લીલા અદ્દભુત,—ધન્ય૦
ગામપર આપ સહાય, રાખજો આવી સહાય,
શરણ ચરણ માંહ્ય. લેજો જગત તણા રાય—ધન્ય૦

સમાપ્ત

..ના ઓપેરાઓ
. શ્રી 'સુરત' સુંદર
હશે ત્યાંથી મળશે.

આખું ભાષણ સહીત રૂા. ૦-
ાટકનાં ગાયનો ૦-
નાટકનાં ગાયનો -૨-૦
ાટકનાં ગાયનો ૦-૨-૦
ા નાટકનાં ગાયનો ૦-૨-૦
. અભયાસંહ નાટકનાં ગાયનો ૦-૨-૦
૭ કર્મફળ નાટકનાં ગાયનો ૦-૨-૦
૮ નરસિંહ મેહેતા નાટકનાં ગાયનો ૦-૨-૦
૯ શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૦ શ્રી કૃષ્ણ સુદામા નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૧ મહાકવી કાળીદાશ નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૨ રાજ રતન નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૩ પ્રલ્હાદ વિજય નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૪ કૌરવ-પાણ્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૧ લો) ૦-૨-૦
૧૫ જાળંધર અને સતી વૃંદા નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૬ કૌરવ-પાણ્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨જો) ૦-૨-૦
૧૭ લલિત પ્રિયા નાટકનાં ગાયનો ૦-૨-૦
૧૮ ઇલાસુંદરી નાટકનાં ગાયનો ૦-૨-૦
શ્રી બ્રહ્મદેવી ભદ્રકાળી નાટકનાં ગાયનો છપા છે.
૨૦ ભક્તરાજ બોડાણો અને સતી ગંગાબાઇ „
૨૧ શ્રીમતી સરલાદેવી નાટકનાં ગાયનો „

☛ ચેતવણી—શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપનીના માલીકના નામના સ્ટેમ્પ વગરનું પુસ્તક કોઇએ વેચવું વેચાવવું અગર ખરીદવું નહિ કારણ તેવું પુસ્તક ચોરીથી પ્રાપ્ત કરેલું ગણાય છે